RNI NO GUJGUJ/2005/23814
LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
JAMNAGAR
www.aaspassdaily.com
LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા
શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭
● સંવત ૨૦૮૨ મહા વદ -૨ | મંગળવાર, તા.૦૩-૦૨-૨૦૨૬ | અંક : ૨૯ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂ. ૨-૫૦ | પાના - ૮

# આત્મવિશ્વાસ થકી વિકસિત ભારતનું સ્વપ્ન થશે સાકાર : પીએમ મોદી

## ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર થયા બાદ વડાપ્રધાનની પ્રથમ પ્રતિક્રિયા : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આભારની લાગણી વ્યક્ત કરી

નવી દિલ્હી

ભારત-અમેરિકા વેપાર કરાર પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મીડિયા સમક્ષ પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે. જ્યારે પીએમ મોદી એનડીએ સંસદીય પક્ષની બેઠકમાં હાજરી આપવા માટે સંસદ એનેક્સી બિલ્ડીંગ પહોંચ્યા, ત્યારે ત્યાં હાજર ઘણા પત્રાકારોએ તેમને ભારત-અમેરિકા વેપાર કરાર પર અભિનંદન આપ્યા, જેના પર પીએમ મોદીએ હસીને બધાનો આભાર માન્યો.

ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરાર હેઠળ અમેરિકા ભારતીય માલ પર પારસ્પરિક ટેરિફ વર્તમાન ૨૫ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરશે. જોકે, નવા ટેરિફ ક્યારે અમલમાં આવશે તે હજુ નક્કી નથી. ભારત કયા અમેરિકન ઉત્પાદનોની ખરીદી વધારશે? અને વેપાર અવરોધો કેવી રીતે ઘટાડવામાં આવશે? અમેરિકાએ ભારતીય માલ પર ૫૦% ટેરિફ લાદ્યા બાદ વેપાર સંબંધો તણાવપૂર્ણ બન્યા, જેમાં રશિયન તેલ ખરીદી પર ૨૫% ટેરિફનો સમાવેશ થાય છે.

અગાઉ, ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આત્મવિશ્વાસ એ શક્તિ છે જે બધું શક્ય બનાવે છે અને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં મદદ કરશે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં પીએમ મોદીએ લખ્યું, "આત્મવિશ્વાસ એ શક્તિ છે જેના બળ પર બધું જ શક્ય છે. દેશવાસીઓની આ શક્તિ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં ખૂબ ઉપયોગી થશે." પીએમ મોદીએ શેર કરેલા સંસ્કૃત શ્લોકનો અર્થ એ છે કે સંપત્તિ યોગ્ય કાર્યો દ્વારા કમાય છે. શ્લોકમાં લખ્યું છે, "તે (સંપત્તિ) હિંમત અને આત્મવિશ્વાસથી વધે છે, કૌશલ્ય અને કાર્યક્ષમતાથી સ્થિર રહે છે, અને શિસ્તથી સુરક્ષિત રહેવા પર રાષ્ટ્રની પ્રગતિમાં ફાળો આપે છે." ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર પર કરાર થયાના થોડા કલાકો પછી પીએમ મોદીએ આ પોસ્ટ કરી હતી.



## શેરબજાર અને સોના ચાંદીના બજારમાં તેજી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પરના ટેરિફમાં ૧૮ ટકા ઘટાડો કરવાની જાહેરાત કરી, જેના પરિણામે ભારતીય બજારમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો. આજે શેરબજાર ખુલતા જ સેન્સેક્સ ૨,૫૪૬ પોઈન્ટથી વધુ વધ્યો, જ્યારે નિફ્ટી ઈન્ડેક્સ પણ ૭૨૪ પોઈન્ટ ઉછળ્યો.આ ઉપરાંત સોના ચાંદીના બજારમાં પણ તેજી જોવા મળી છે.આજે ચાંદીના ભાવમાં રૂ.૧૮૦૦૦ અને સોનાના ભાવમાં રૂ.૬૦૦૦ નો ઉછાળો જોવા મળ્યો હતો.મહિનાઓ સુધી વાટાઘાટો બાદ આખરે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ છે. ગઈકાલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેલિફોનિક વાતચીત કરી. જે બાદ બંને નેતાઓએ સોશિયલ મીડિયા પર ટ્રેડ ડીલ અંગે જાહેરાત કરી. અમેરિકાએ ભારત પરનો ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કર્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે ભારત હવે રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દેશે. જેથી યુક્રેન યુદ્ધ રોકવામાં મદદ મળશે. બીજી તરફ તેમણે બીજો એક દાવો એવો પણ કર્યો કે ભારતમાં અમેરિકાની પ્રોડક્ટ્સ પર ટેરિફમાં ધરખમ ઘટાડો કરાશે. એનર્જી, ટેકનિક, કૃષિ સહિતના સેક્ટરમાં અમેરિકાની વસ્તુઓ માટે ભારતના માર્કેટના દરવાજા ખોલવામાં આવશે. ટ્રમ્પનો દાવો છે કે અમેરિકાની ૫૦૦ અબજ ડોલરની વસ્તુઓ ભારતમાં વેચાશે. ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પની સાથે વડાપ્રધાન મોદીએ પણ ટ્વિટ કરીને જાહેરાત કરી હતી. જોકે તેમણે તેમના નિવેદનમાં ક્યાંય ભારત રશિયાથી ઓઈલ નહી ખરીદે તેવી કોઈ પુષ્ટિ કરી નથી. કૃષિ પ્રોડક્ટ્સને લઈને પણ તેમણે કોઈ પુષ્ટિ નથી કરી.

## ભારત યુએસ પાસેથી ૫૦૦ બિલિયન ડોલરની ખરીદી કરશે

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન પ્રમુખ ટ્રમ્પ વચ્ચે વાતચીત બાદ બન્ને નેતાઓએ વેપાર કરાર પર સહમતિ થઈ હોવાની જાહેરાત કરી

નવી દિલ્હી,

લાંબી વાટાઘાટો બાદ ભારત અને યુએસ વચ્ચે વેપાર કરાર થયો છે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈ કાલે સોમવારે કરારની જાહેરાત કરી હતી. ભારતે પણ આ કરારની પુષ્ટિ કરી છે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક જાહેર નિવેદનમાં આ પગલાનું સ્વાગત કર્યું છે.

કરાર મુજબ યુએસ ભારત લગાવેલો ૨૫ ટકા રેસિપ્રોકલ ટેરીફ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે, બદલમાં ભારતની બજારમાં યુએસની પહોંચને સરળ બનાવવામાં આવી છે. ટ્રમ્પના જણાવ્યા મુજબ ભારત રશિયન પેટ્રોલીયમની ખરીદી બંધ કરવા તૈયાર થયું છે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે ભારત યુએસના ઉત્પાદનોઓ પર ટેરિફ ઘટાડવા અને નોન-ટેરિફ અવરોધોને સપૂર્ણ પણે દુર કરવા તૈયાર છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, વડા પ્રધાન મોદીએ કહ્યું કે ટ્રમ્પ સાથેની વાતચીત "અદ્ભુત" ગણાવી અને યુએસમાં આયાત થતા ભારતના ઉત્પાદનો રેસિપ્રોકલ ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવા બદલ તેમનો આભાર માન્યો. જોકે, ભારત સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં રશિયન પેટ્રોલિયમની ખરીદી બંધ કરવા અંગે કોઈ ઉલ્લેખ નથી.

વેપાર કરાર અંગે અત્યાર સુધી મળેલી માહિતી:યુએસમાં ભારતીય ઉત્પાદનો પર રેસિપ્રોકલ ટેરિફ ૨૫% થી ઘટાડીને ૧૮% થશે યુએસ-ભારત વેપાર કરાર તાત્કાલિક અમલમાં આવશે ભારત યુએસ ૫૦૦ બિલિયન ડોલરથી વધુનો માલ ખરીદશેટ્રમ્પનાં દાવા મુજબ ભારત યુએસના ઉત્પાદનો પર ટેરિફ ઘટાડશે અને નોન-ટેરિફ અવરોધોને સંપૂર્ણ દુર કરશે ટ્રમ્પના દાવા મુજબ ભારત રશિયા પાસેથી પેટ્રોલિયમ ખરીદવાનું બંધ કરશે, ભારત યુએસ અને સંભવતઃ વેનેઝુએલા પાસેથી પેટ્રોલિયમ ખરીદશે.

### અમેરિકાએ ટેક્સ ઘટાડી ૧૮ ટકા કર્યો

અમેરિકાએ ભારત પરનો ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કર્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે ભારત હવે રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દેશે. જેથી યુક્રેન યુદ્ધ રોકવામાં મદદ મળશે. આ સિવાય તેમણે બીજો એક દાવો એવો પણ કર્યો કે ભારતમાં અમેરિકાની પ્રોડક્ટ્સ પર ટેરિફમાં ધરખમ ઘટાડો કરાશે. એનર્જી, ટેકનિક, કૃષિ સહિતના સેક્ટરમાં અમેરિકાની વસ્તુઓ માટે ભારતના માર્કેટના દરવાજા ખોલવામાં આવશે. ટ્રમ્પનો દાવો છે કે અમેરિકાની ૫૦૦ અબજ ડોલરની વસ્તુઓ ભારતમાં વેચાશે. ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પની સાથે વડાપ્રધાન મોદીએ પણ ટ્વિટ કરીને જાહેરાત કરી હતી. જોકે તેમણે તેમના નિવેદનમાં ક્યાંય ભારત રશિયાથી ઓઈલ નહી ખરીદે તેવી કોઈ પુષ્ટિ કરી નથી. કૃષિ પ્રોડક્ટ્સને લઈને પણ તેમણે કોઈ પુષ્ટિ નથી કરી.

# રેતી અને કોલસાની દાણચોરી મામલે દિલ્હીથી બંગાળ સુધી ઈડીના દરોડા

## દિલ્હી,કોલકાતા, આસનસોલ, દુર્ગાપુર અને પશ્ચિમ વર્ધમાન જિલ્લાના અનેક વિસ્તારોમાં ઈડીની ટીમ વહેલી સવારે ત્રાટકી

નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ પશ્ચિમ બંગાળ અને દિલ્હીમાં આજે અનેક સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા હતા. ગેરકાયદેસર રેતી અને કોલસાની દાણચોરીની તપાસના સંદર્ભમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા. દિલ્હી, કોલકાતા, આસનસોલ, દુર્ગાપુર અને પશ્ચિમ વર્ધમાન જિલ્લાના અનેક વિસ્તારોમાં આજે સવારે ૬:૩૦ વાગ્યાની આસપાસ દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન કેન્દ્રીય સશસ્ત્ર દળના કર્મચારીઓ પણ હાજર હતા.

દરોડામાં બડબડ પોલીસ સ્ટેશનના નવા નિયુક્ત ઓફિસર-ઈન-ચાર્જ મનોરંજન મંડલનું ઘર પણ હતું. તેમણે હજુ સુધી ઔપચારિક રીતે ચાર્જ સંભાળ્યો ન હતો. અગાઉ, બારાબણી પોલીસ સ્ટેશનમાં પોસ્ટિંગ દરમિયાન તેમને ભ્રષ્ટાચારના આરોપસર સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને બાદમાં તેઓ આસનસોલ પોલીસ સ્પેશિયલ બ્રાન્ચમાં જોડાયા હતા. તેમને તાજેતરમાં જ પુન:સ્થાપિત કરવામાં આવ્યા હતા, પરંતુ ઈડીની આ કાર્યવાહીએ તેમની નિમણૂક પર ફરીથી પ્રશ્નાર્થ મૂક્યો છે.

ઈડીએ આ વિસ્તારમાં ઘણા રેતી અને કોલસાના વેપારીઓના ઘરો અને ઓફિસો પર પણ દરોડા પાડ્યા હતા. દુર્ગાપુરના સેપ્કો વિસ્તારમાં રેતી ઉદ્યોગપતિ પ્રબીર દત્તા (કેકે મિનરલ્સના માલિક) અને તેમના ભાઈ અમિત દત્તાના ઘરોમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

આ કંપની બાંકુરા, પશ્ચિમ અને પૂર્વ વર્ધમાન જિલ્લામાં રેતી ખાણો ચલાવે છે અને પાનાગઢમાં તેની ઓફિસો છે.

પાનાગઢમાં રેતી ઉદ્યોગપતિ શેખ હાશિમ મિર્ઝા બેગ, ભક્તનગર, આંદુલમાં શેખ કિરણ મંડલ અને પાંડેભેશ્વરમાં કોલસા ઉદ્યોગપતિ શેખ મૈજુલના પરિસરમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. કોલકાતા અને દિલ્હીમાં અનેક સ્થળોએ દરોડા ચાલુ રહ્યા. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ તપાસ ગયા મહિને કોલકાતામાં આઈ.પેક પર દરોડા પાડતા કોલસા કૌભાંડના કેસથી અલગ હતી.

## અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઘટાડવા તુર્કીએ મેદાને

નવી દિલ્હી

તુર્કી આ અઠવાડિયાના અંત સુધીમાં અમેરિકા અને ઈરાન વચ્ચે બેઠક ગોઠવવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે વધતા તણાવ અને યુદ્ધના જોખમને ઘટાડવાનો છે. જોકે, અમેરિકા કે ઈરાન બંનેમાંથી કોઈએ પુષ્ટિ આપી નથી કે તેઓ કોઈ વાટાઘાટોમાં ભાગ લેશે કે નહી. તુર્કીના અધિકારીઓ અમેરિકાના રાજદૂત સ્ટીવ વિટકોફ અને ઈરાની નેતાઓ વચ્ચે સીધી વાટાઘાટો ઈચ્છે છે.

આ વચ્ચે, અમેરિકાએ તેનું શક્તિશાળી યુદ્ધ જહાજ યુએસએસ અબ્રાહમ લિંકન અને અનેક મિસાઈલ વિનાશક જહાજો મધ્ય પૂર્વમાં તૈનાત કર્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાન સાથે વાટાઘાટો ચાલી રહી છે. તેમણે આશા વ્યક્ત કરી કે કોઈ કરાર થશે, પરંતુ ચેતવણી આપી છે કે જો કંઈ ન થાય, તો તેના પરિણામો ભયંકર હોઈ શકે છે. યુએસ સંરક્ષણ સચિવે હાલમાં ઈરાનમાં શાસન પરિવર્તનની કોઈપણ યોજનાનો ઈનકાર કર્યો છે.

## ભાજપ નેતા પંકજા મુંડેના હેલીકોપ્ટરમાં ખામી સર્જાતા ઉડાન મોકૂફ

મુંબઈ

મહારાષ્ટ્રના બારામતીમાં થયેલા પ્લેન ક્રેશમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન અજિત પવારનું મૃત્યુ નીપજ્યું હતું, જેને કારણે મહારષ્ટ્ર અને દેશભરના રાજકારણમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. આ દુર્ઘટના બાદ રાજકારણીઓ હવાઈ મુસાફરી અંગે સતર્કતા દાખવી રહ્યા છે. આજે ભાજપ નેતા અને કેબિનેટ પ્રધાન પંકજા મુંડેના હેલિકોપ્ટરમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી, જેના કારણે ફ્લાઈટ મુલતવી રાખવામાં આવી હતી.

## ટ્રેડ ડીલની અસર : રૂપિયાના મૂલ્યમાં થયો વધારો

### આજના શરૂઆતી કારોબારમાં ડોલર સામે રૂપિયો ૧૧૯ પૈસા મજબૂત બન્યો

મુંબઈ

મંગળવારે શરૂઆતના વેપારમાં રૂપિયો તીવ્ર રીતે મજબૂત થયો, ભારત-અમેરિકા વેપાર કરાર હેઠળ ૧૮% ટેરિફ ઘટાડા બાદ ડોલર સામે ૧૧૯ પૈસા વધીને ૯૦.૩૦ પર ખુલ્યો. આ પગલાથી ભારતની સંબંધિત સ્થિતિ મજબૂત થઈ છે અને FIIs પાછા ફરવાની આશા વધી છે.

મંગળવારે શરૂઆતના વેપારમાં રૂપિયો તીવ્ર રીતે મજબૂત થયો, ભારત-અમેરિકા વેપાર કરાર હેઠળ ૧૮% ટેરિફ ઘટાડા બાદ ડોલર સામે ૧૧૯ પૈસા વધીને ૯૦.૩૦ પર ખુલ્યો. આંતરબેંક વિદેશી વિનિમય બજારમાં તેના અગાઉના બંધ ૯૧.૪૯ થી આ એક નોંધપાત્ર વધારો માનવામાં આવે છે.ફોરેક્સ વેપારીઓ કહે છે કે ૧૮% ટેરિફથી કથા બદલાઈ ગઈ છે, ભારતની સંબંધિત સ્થિતિ સુધરી છે અને FIIs પાછા ફરવાની શક્યતા વધી છે.

ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સ LLP ના ટ્રેઝરી હેડ અનિલ કુમાર ભણસાલીના જણાવ્યા અનુસાર, લગભગ નવ મહિનાના વિલંબ પછી જાહેર કરાયેલ આ વેપાર કરાર, જે યુએસ પ્રમુખ ટ્રમ્પ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો અને વડા પ્રધાન મોદી દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, તે ભારતને બાંગ્લાદેશ અને પાકિસ્તાન જેવા પડોશી દેશો પર નિકાસ લાભ આપે છે. તેમણે કહ્યું કે FII ના લાંબા ગાળાના વેચાણકર્તાઓ હવે ભારતીય શેર ખરીદી શકે છે. જોકે, ભવિષ્યની દિશા માટે ભારતીય રિઝર્વ બેંકના વલણ પર નજર રાખવી મહત્વપૂર્ણ રહેશે.

વૈશ્વિક મોરચે, ડોલર ઈન્ડેક્સ ૦.૨૦ ટકા ઘટીને ૯૭.૪૩ પર પહોંચ્યો, જ્યારે બ્રેન્ટ ક્રૂડ ઓઈલ ૦.૪૧ ટકા ઘટીને ઈ૬૬.૦૩ પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું હતું. સ્થાનિક શેરબજારમાં મજબૂત તેજી જોવા મળી. સેન્સેક્સ ૨,૧૩૮ પોઈન્ટ (૨.૬૨%) વધીને ૮૩,૮૦૪.૫૪ પર પહોંચ્યો, અને નિફ્ટી ૬૦૭ પોઈન્ટ (૨.૪૨%) વધીને ૨૫,૬૯૫.૪૦ પર પહોંચ્યો.

